
## વડીલોને વંદન અભિનંદન



આર.સી. રાવલ
(૧૯૫૯)

# મોટેરાની જગ્યાએ ગ્યાસપુરમાં ડેપો બનાવવા જોરદાર માંગણી

### મોટેરામાં આસારામ બાપુની જમીન હોવાના કારણે ત્યાં ડેપો બનાવવાની વાત પડતી મુકવામાં આવી છે : વિપક્ષ

અમદાવાદ, તા.૧૭

શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ મંજુર થઈ ગયો હોવા છતાં છેલ્લા કેટલાય સમયથી મેટ્રો રેલનો રૂટ વિવાદાસ્પદ બન્યો છે. ઘણા શહેરોમાં મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજુરી મળ્યા પછી મેટ્રો ટ્રેન ચાલુ પણ થઈ ગઈ છે. જ્યારે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલનો રૂટ નક્કી થઈ ગયા બાદ હવે મેટ્રો રેલ માટે ડેપો કયા બનાવવો તેની ચર્ચા-વિચારણા ચાલી રહી છે. જેમાં આગામી ગુરૂવારના રોજ મળનારી સ્ટેન્ડીંગ કમિટીની મીટીગમાં શહેરમાં મેટ્રો રેલ માટે ડેપો બનાવવા ગ્યાસપુર ખાતે જગ્યા ફાળવવા માટેનું કામ મુકવામાં આવ્યું છે.

અત્રે નોંધનીય છે કે મુંબઈ અને અમદાવાદ શહેરના મેટ્રો રેલ પ્રોજેક્ટની મંજુરી માટે સાથે મુકવામાં આવી હતી પરંતુ હાલમાં આપણે ત્યાં શહેરમાં મેટ્રો રેલ રૂટના ઠેકાણા નથી ત્યાં બીજી બાજુ મુંબઈ શહેરમાં મેટ્રો ટ્રેન ચાલુ પણ કરી દેવામાં આવી છે. મેટ્રો રેલ ડેપો બનાવવા ગ્યાસપુર પાસે ૨.૫૨ લાખ વાર જગ્યા રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે માંગવામાં આવી છે. જોકે, મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું હતું કે મેટ્રો રેલ માટે ડેપો બનાવવા જગ્યા મોટેરા ખાતે બનાવવાની વાત હતી પરંતુ મોટેરા વિસ્તારમાં આસારામ બાપુની જમીન હોવાને કારણે ત્યાં ડેપો બનાવવાની વાત પડતી મુકવા રાજકીય દબાણ કરવામાં આવ્યું હોય તેમ સ્પષ્ટ થાય છે. મેટ્રો રેલની વાત સન ૨૦૦૪માં કરવામાં આવી હતી તેના માત્ર બોર્ડ જ લાગેલ હોઈ તેના અત્યાર સુધીમાં રૂા. ૨૫૦ કરોડ ખર્ચ કરી દેવામાં આવ્યા છે. ગ્યાસપુર પાસે ૨.૫૨ લાખ વાર જગ્યા મેટ્રો રેલ માટે ડેપો બનાવવા જગ્યા રાજ્ય સરકાર દ્વારા માંગવામાં આવી છે, પરંતુ મોટેરા ખાતે લાખો વાર ખુલ્લી જગ્યા હોવાથી ત્યાં મધર ડેપો બનાવવા માટે વિરોધ પક્ષે સુચન કર્યુ છે.

## જ્વેલર્સ સામે જાહેરનામાનો ભંગ કરવા અંગે ગુનો દાખલ

અમદાવાદ, તા.૧૭

શહેરના હાટકેશ્વર વિસ્તારમાં જવેલર્સની દુકાન ધરાવતા બે વેપારીઓએ તેમની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવ્યા ન હોવાથી ખોખરા, પોલીસે તેમની સામે જાહેરનામાનો ભંગ કરવા અંગેનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાં છેલ્લા કેટલાય દિવસોથી ચોરી અને લૂંટના ગુનાઓ વધી રહ્યા છે જેમાં ખાસ કરીને સોની અને જ્વેલર્સની દુકાન લૂંટવાના કેસોનું પ્રમાણ વધી ગયું છે. આવા ગુનાઓને અટકાવવા માટે પોલીસ કમિશ્નર દ્વારા એક જાહેરનામું બહાર પાડીને દરેક વેપારીઓને તેમની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવવા માટેનું ફરમાન કરાયું હતું. જે અંતર્ગત મોટા ભાગના સોની તેમજ જ્વેલર્સના વેપારીઓએ તેમની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવી દીધા છે.

# મેટ્રો જજ ગાંધીની સામે તીવ્ર અસંતોષ : વકીલો કામથી દૂર

### જજ એચએચ ગાંધી કોર્ટમાં વકીલોને ઉતારી પાડી તેમનું અપમાન કરે છે અને મનસ્વીરીતે નવી કલમો ઉમેરે છે

અમદાવાદ, તા.૧૭

અમદાવાદના ઘીકાંટા સ્થિત મેટ્રોપોલીટન કોર્ટ પરિસરની કોર્ટ નંબર ૧૭માં જજ એચએચ ગાંધી સામે અસંતોષ થતાં ૧૭મી કોર્ટના વકીલો કોર્ટ કામગીરીથી અળગા રહ્યા હતા. વકીલોએ કામગીરીનો બહિષ્કાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. વકીલોની ફરિયાદ હતી કે જજ એચએચ ગાંધી કોર્ટમાં વકીલોને ઉતારી પાડી તેમનું અપમાન કરતા હતા. ઉપરાંત જજ મનસ્વી રીતે કેસમાં કલમો ઉમેરી હેરાનગતિ કરતા હતા. તેથી વકીલોએ કોર્ટ કામગીરીનો બહિષ્કાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

વાત એમ છે કે શહેરના ઘીકાંટા સ્થિત મેટ્રોપોલીટન કોર્ટમાં થોડા સમય અગાઉ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ એચએચ ગાંધીની ૧૭મી કોર્ટમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિમણુંક થઈ હતી. નિમણુંક થતાં ૧૭મી કોર્ટમાં પ્રેક્ટિસ કરતાં વકીલોએ જજ એચએચ ગાંધીનું ફુલનું બુકે આપી ઉમકળાભેર સ્વાગત કર્યુ હતું, પરંતુ જજે સ્વાગતનું પ્રતિસાદ વકીલોનું અપમાન કરીને આપ્યું. જજ એચએચ ગાંધી કોર્ટમાં વકીલોને એકદમથી ઉતારી પાડતા અને તેમનું અપમાન કરતા ઉપરાંત તેઓ કેસમાં ફરિયાદી કે સરકાર તરફે કોઈ કલમ ઉમેરી અરજી ન થતી હોવા છતાં એઓ મનસ્વી રીતે કેસમાં કલમ ઉમેરતા હતા તેમજ વકીલોને ખુબ ટુંકી મુદત આપતા હોવાથી વકીલોને કામકાજ અર્થે ખુબ અડચણો ઉભી થતી હતી. ૧૭મી કોર્ટના વકીલોએ બાર એસોસીએશનને લેખિતમાં અરજી કરી હતી ઉપરાંત જજ વિરૂદ્ધ હાઈકોર્ટ રજીસ્ટ્રારને પણ રજુઆત કરી હતી. બીજી તરફ વકીલોએ મીટીંગમાં નિર્ણય કરી આજરોજ ૧૭મી કોર્ટના કામકાજથી અળગા રહી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વકીલોએ જજ એચએચ ગાંધીની કોર્ટનો બહિષ્કાર કર્યો હતો.



વરસાદની શરૂઆત થઈ જતા તાડપત્રીનું વેચાણ જોરદાર રીતે શરૂ થઈ ગયું છે

# ટેટ પાસ સામાજિક વિજ્ઞાનના ઉમેદવારની ભરતી કરાઈ નથી

અમદાવાદ, તા.૧૭

રાજ્યમાં શિક્ષકોની ભરતી માટે શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૧થી ટીચર એલીજીબીલીટી ટેસ્ટ (ટેટ)ની પરીક્ષા દાખલ કરવામાં આવી છે પરંતુ પરીક્ષા પાસ કર્યા બાદ પણ ઉમેદવારોને નોકરી મેળવવામાં ફાંફા પડી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

જેનાં કારણે ટેટ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની ભરતી માટે ટેટની પરીક્ષા લેવામાં આવે છે પરંતુ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ ટેટની પરીક્ષા પાસ કરે છે તેની તુલનામાં નજીવી સંખ્યામાં શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. તેમાંય સામાજિક વિજ્ઞાન વિષયના ટેટ પાસ ઉમેદવારોની અત્યાર સુધી માત્ર એક જ વખત ભરતી કર્યા પછી ભરતીની કામગીરી બંધ કરી દેવાતા ઉમેદવારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

સામાજિક વિજ્ઞાન વિષયનાં ટેટ-૨ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૧માં ટેટની પરીક્ષા દાખલ કરવામાં આવી છે ત્યાર બાદ સામાજિક વિજ્ઞાન વિષયનાં ઉમેદવારો માટે પ્રથમ તબક્કે ૩૫૦૦ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી હતી. જો કે ત્યારબાદ અત્યાર સુધી કોઈ ભરતી કરવામાં આવી નથી. જેની તુલનામાં દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ટેટની પરીક્ષા પાસ કરી રહ્યા છે જેના કારણે અનેક ઉમેદવારોએ નોકરીથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયમાં શિક્ષણ વિભાગ દ્વારા જે શિક્ષકોની ભરતી કરાઈ છે તેમાં માત્ર ભાષાના ઉમેદવારો અને ગણિત-વિજ્ઞાનના ઉમેદવારોની જ ભરતી કરાઈ છે જ્યારે સામાજીક વિજ્ઞાનના ઉમેદવારોને ભરતીમાંથી વંચિત રાખવામાં આવ્યા છે.

# વાઘરોલ ખાતે રબારી સમાજની બેઠક યોજાઈ

### વ્યસન અને કુરીવાજોથી દુર રહી શિક્ષણ પર ભાર મુકવા સમાજને હાકલ

ડીસા, તા. ૧૭

રબારી સમાજ યુવા વિકાસ મંડળના નેજા હેઠળ રબારી સમાજે વ્યસન અને કુરીવાજોથી દુર રહી શિક્ષણ પર ભાર મુકવા માટે રવિવારે રબારી સમાજની એક અગત્યની બેઠક વાઘરોળ ખાતે મળી હતી. જેમાં સૌએ વ્યસન અને કુરીવાજોને તિલાંજલી આપી શિક્ષણ પર ભાર મુકવા માટે હાકલ કરી હતી.

શ્રી રબારી સમાજ યુવા વિકાસ મંડળના યુવાનો દ્વારા રબારી સમાજમાંથી વ્યસનને નેસ્ત નાબુદ કરવા અને કુરીવાજોમાંથી બહાર લાવી આર્થિક અને સામાજીક ઉત્થાન માટે શિક્ષણનો વ્યાય વધારા માટે એક અગત્યની ચિંતન બેઠક દાંતીવાડા તાલુકાના વાઘરોળ સ્થિત મેવાભાઈ વેરાણાના ફાર્મ ખાતે મળી હતી. જેમાં વાઘરોળના વેરશીભાઈ વેરાણા તેમજ જોરાભાઈ આલ દ્વારા રબારી સમાજનું શાબ્દિક સ્વાગત કરી સમાજ બંધુઓને આવકાર્યા હતા. રબારી સમાજમાં ચાલી રહેલી વ્યસનની બદીને દુર કરી તેમજ લગ્ન પ્રસંગ અને મરણ પ્રસંગે કુરીવાજો દ્વારા થતાં ખોટા ખર્ચાઓ બંધ કરી શિક્ષણનો વ્યાપ વધારવા અને સમુહલગ્ન અમલી બનાવવા માટે ભાર મુકયો હતો.

બેઠકમાં નાગજીભાઈ આલ (ચંડીસર), જીવાભાઈ આલ (રામસીડા), નાગજીભાઈ (મોટા), ગોકળભાઈ આલ (ચિત્રાસણી), લીલાભાઈ બારડ (પાલનપુર), હરીભાઈ આલ (કુશ્કલ), ચેહરાભાઈ રોઝ (પાલનપુર), લીલાભાઈ આલ (જેથી), હમીરભાઈ ખટાણા (જેથી), મહેશભાઈ આલ (કુણઘેર), નાગજીભાઈ ડીપા તેમજ ઈશ્વરભાઈ દેસાઈ (સરપંચ ખસા)એ માર્ગદર્શન પુરું પાડયું હતું. જ્યારે બેઠકને સફળ બનાવવા માટે મુકેશભાઈ (વાઘણા), બાબુભાઈ (માલોસણા), પરબતભાઈ વેરાણા, રમેશભાઈ દેસાઈ (ધનાવાડા), મનુભાઈ માલધારી (પાલનપુર), છગનભાઈ રોઝ (મારવાડા) જયેશભાઈ (ડીસા), રમેશભાઈ રોઝ (વાઘરોલ) અને બાબુભાઈ ભોકું સહિત યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.




કોર્ટમાં જજના વર્તનને લઈને વકીલોએ જોરદાર વિરોધ કર્યો હતો.

## શબ્દાવલી - ૫૪૨૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| ■ | ૧૧ | | ■ | ૧૨ | ■ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| ૨૨ | | | | ■ | ૨૩ | | ■ |

### આડી ચાવી

૧. મતભેદ, ઝગડો (૪)
૫. બોર જેવડું નાનું મીઠું ફળ(૩)
૭. જૂની રૂઢિનું જૂના વિચારો ધરાવતું (૪)
૮. જબરા, કાચાના હોય તેવા(૨)
૯. પતંગ સાથે કાગળનું ફાનસ ચડાવે તે (૩)
૧૧. હાથ, વેરો (૨)
૧૩. જુસ્સો, હોંશ (૨)
૧૪. વજનદાર વસ્તુને ઊંચકવાની યાંત્રિક કરામત, ઊંટડો (૨)
૧૫. જોઇએ તેટલું, ... પ્રમાણે(૨)
૧૭. કમાવું (૩)
૧૮. તમારું (૨)
૧૯. હક્કનું માગણું, લાગો (૨)
૨૦. બોલાવ (ગામઠી ભાષામાં) (૩)
૨૨. મંજુરી, છુટ્ટી (૪)
૨૩. ખેલાડીઓની ટૂંકડી (૨)

### ઊભી ચાવી

૧. ખારેક જેમાંથી થાય તે ફળ (૩)
૨. એક માપ-વજન (૨)
૩. નાચવા-ગાવાવાળી (૩)
૫. કામ વગરનું, નકામું (૩)
૬. સમ્મિલિત, સહભાગી (૩)
૧૦. લાકડું, કાતરવાનું એક સાધન (૪)
૧૧. મસ્તક ધરાવવું તે (૫)
૧૨. ચર્ચા, વાતની ઉહાપોહ(૪)
૧૩. જોરાવર, જોરવાળું (૪)
૧૬. લંકેશ, લંકાનો રાજા (૩)
૨૦. ખરાબી, અનીતિ (૨)
૨૧. કમર, કેડ (૨)

### શબ્દાવલી ૫૪૨૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઝાંઝર (૪) સદાચાર (૮) વેજા (૯) નરધું (૧૦) ધરા (૧૧) વસવસો (૧૩) રોતલ (૧૫) ખો (૧૬) ખખડધજ (૧૯) સવાલ (૨૧) રાજન (૨૩) પડખું (૨૪) દાહ (૨૫) સવારસાંજ

**ઊભી ચાવી :-** (૧) ઝવેરાત (૩) રજા (૫) દાનવ (૬) ચારસો (૭) રઘુ (૧૦) ધરા (૧૨) સગડ (૧૪) લખલખું (૧૭) ધરાહાર (૧૮) જજ (૧૯) સપથ (૨૦) વાડ (૨૨) નરાજ (૨૪) દાવા

## વિપક્ષનો સભાત્યાગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેતીના મુદ્દે પુરી વિગતો ન હોવાને કારણે તેમજ વિપક્ષના આગ્રહ પછી પણ વિગતો રજુ નહિ કરવાની સત્તાધારી પક્ષની જીદને લઈ વિપક્ષે સભાત્યાગ કર્યો હતો.

વિપક્ષને સભાત્યાગ ન કરવા કોંગીના આગેવાનોએ મનામણા શરુ કર્યા હતા પરંતુ વિપક્ષ તો કોઈ વાત સાંભળવાના મૂડમાં ન હતો. કોંગી સભ્યોએ બેઠક બાદ વિગતો તમને અપાશે તેવી ખાત્રી આપી હતી પરંતુ તે વિપક્ષે ધ્યાને લીધી ન હતી અને સભાત્યાગ કર્યો હતો.

સભાત્યાગ બાદ ભાજપના શકુંતલાબેન પટેલ, જયેશભાઈ પટેલ અને નવિનભાઈ પટેલ તથા ગુણવંતસિંહ ચાવડાએ કહ્યું હતું કે કોંગીની કથની કરનીમાં તફાવત છે. બહુમતિના જોરે તેમની મુનસફી સાથે અમે સહમત થઈ શકીએ નહિ એ... સભાત્યાગ એ જ શ્રેષ્ઠ માર્ગ હતો.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે બિન ખેતીના જામો પ્રમુખ સ્થાનેથી રજુ કર્યા એ જ બતાવે કે કોંગ્રેસ પક્ષની કથની કરનીમાં કેટલો તફાવત છે તેઓ આ મુદ્દે લેખિતમાં પણ વિરોધ નોંધાવવાના છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આજે વિપક્ષે જે રીતે આક્રમક પ્રારંભ કર્યો હતો ત્યારે જ નવા જૂની થવાના એંધાણો વર્તાતા હતા અને તેથી જ કોંગ્રેસના આગેવાનો સતત સામાન્ય સભા પર નજર રાખતા રહ્યા હતા. જો કે સામાન્ય સભામાં એજન્ડા પરની કામગીરી જેમ પૂર્ણ થતી તેમ આગેવાનો સંતોષ અનુભવતા હતા પરંતુ વિપક્ષે બિનખેતીના કેસોની વિગતો ને લઈ છેલ્લે આક્રમકતાની ચરમસીમા ધારણ કરી સભાત્યાગ કરતાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

## સાચી વ્યક્તિને સાચો ન્યાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગૂનેગારોને નશ્યત કરવામાં કોઈની પણ શેહ-શરમમાં આવ્યા સિવાય તટસ્થ અને સાચી દિશામાં તપાસ અને ગૂનાખોરી ડામવાની પ્રતિબધ્ધતા જ પોલીસદળની ફરજપાલન પરસ્તીમાં હોવી જોઈએ.

આ સંદર્ભમાં તેમણે પોલીસતંત્ર સમક્ષ આવતી ફરિયાદો-પ્રૌના મૂળમાં જઈને તેના નિવારણ અને તે ઉદ્દભવતા જ અટકાવવાના સર્વગ્રાહી ઉપાયો પારદર્શી અને ઝડપી બનાવવાની આવશ્યકતા સમજાવી હતી.

સાચુ શું છે તે શોધી કાઢીને નિર્દોષ દંડાય નહિ અને દોષિતોને સખ્ત નશ્યત થાય તેવો ન્યાયાભિમુખ અભિગમ પોલીસતંત્ર અપનાવે તેવો પ્રેરક અનુરોધ મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં કર્યો હતો.

શ્રીમતી આનંદીબેન પટેલે જિલ્લાસ્તરે પોલીસતંત્ર અને વહિવટીપાંખ વચ્ચે સંકલન-પરામર્શની જરૂરિયાત પર વિશેષ કાળજી લેવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સૌના સાથ સૌના વિકાસની રાજ્યશાસનની નેમ ચરિતાર્થ કરવામાં સૌ અધિકારીઓ પ્રો-એકિટવ ટિમવર્કની ભૂમિકા નિભાવે તે આવશ્યક છે તેમ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગૂનેગારો પર બાજનજરથી ગૂનાખોરી થતી અટકાવવા શહેરોમાં પોલીસતંત્ર દ્વારા ગોઠવાયેલા સી.સી.ટી.વી. કેમેરા નેટવર્કનો નાગરિક સેવાલક્ષી સુવિધા સુખાકારીમાં પણ વિનિયોગ કરવા પ્રશાસનિક તંત્ર-પોલીસપાંખ વચ્ચે ઈન્ટીગ્રેટેડ એપ્રોચની હિમાયત કરી હતી.

શ્રીમતી આનંદીબેને જમીન સંબંધી પ્રૌ અને ગૂન્હાઓ સંબંધે પોલીસ-મહેસૂલ તંત્રના સુચારૂ સંકલન ઉપરાંત હાઈ-વે પરના અકસ્માતો નિવારવા જરૂર જણાયે માર્ગ-મકાન વિભાગ સાથે પરામર્શમાં રહી નકકર ઉપાયો માટે પ્રેરક સૂચન કર્યું હતું. શહેરી ટ્રાફિક નિયમન માટે પોલીસદળ નિવૃત્ત કર્મીઓ, વરિષ્ઠ નાગરિકો અને સેવા સંગઠનો તેમજ યુવાબ્રિગેડની સેવાઓ લઈ કોમ્યુનિટી પોલિસીંગને વેગ આપે તે અંગે તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

બાળકોના ગુમ થવાના અને ખાસ કરીને સગીર વયની દિકરીઓ ગુમ થવાના કિસ્સામાં સંવેદનશીલ માનવીય અભિગમ સાથે તપાસ અને તેના મૂળ સુધી પહોચવા મુખ્યમંત્રીશ્રીએ ખાસ સૂચનાઓ આપી હતી. તેમણે ગૌવંશ-ગૌમાંસની ગેરકાયદે હેરાફેરી અટકાવવા, માનવ અધિકાર પંચના સૂચનોનો અમલ, કોર્ટ મેટરમાં સરકારી વકીલ સાથે સંકલન અને યોગ્ય માહિતી સમયસર પૂરી પાડવા જેવી બાબતો અંગે અધિકારીઓને વિવિધ સૂચનો કર્યા હતા.

ગુજરાતમાં અન્ય રાજ્યોની તુલનાએ કાયદો વ્યવસ્થાની જે સુદ્રઢ સ્થિતી અને સલામતિ છે તે હંમેશા જળવાઈ રહે તેવા નાગરિક કર્તવ્યભાવથી ફરજરત રહેવાની તેમણે અપિલ કરી હતી.

ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાંતભાઈ પટેલે ગુજરાત પોલીસની કાર્યનિષ્ઠામાં આ બેઠકના સૂચનો-સૂઝાવો ઉદ્દીપક બનશે તેમ જણાવી તાજેતરની લોકસભા ચૂંટણીમાં રાજ્ય પોલીસદળને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિમાં કોઈ આંચ ન આવે તેવી તેવી પ્રશંસનિય કામગીરી માટે અભિનંદન આપ્યા હતા.

મુખ્યસચિવશ્રી ડો. વરેશ સિન્હાએ ગુજરાત પોલીસનો સુરક્ષા સેતુનો અભિગમ દેશને પીપલ્સ પોલિસીંગનું સુગ્રથિત મોડેલ આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

ગૃહના અધિક મુખ્ય સચિવશ્રી ડો. એસ. કે. નંદાએ સૌને આવકારી બેઠકનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.

અધિક પોલીસ મહાનિદેશકશ્રી પ્રમોદકુમારે રાજ્યની કાયદો વ્યવસ્થા પરિસ્થિતીનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

આ પરિષદમાં સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી રમણભાઈ વોરા, કાયદા રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, પોલીસ મહાનિદેશકશ્રી પી. સી. ઠાકુર અને અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી જી. સી. મુર્મુ, સચિવશ્રી વિજય નહેરા અને વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહયા હતા.

## એન્જિનિયરીંગ કોલેજ આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીપ્લોમાં એન્જીનીયરીંગ કોલેજ શરુ કરવા મંજૂરી આપી દેવાઈ છે. ગુરુકુળ સંસ્થા દ્વારા છેલ્લા ૪૩ વર્ષથી શહેરના વિદ્યાર્થીઓને કે.જી થી હાયર સેકન્ડરી સુધીનું શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યું છે.સ્વામી હરિ-કાશજીના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને પણ સેવા પૂરી પાડવા -યાસો હાથ ધરાયા છે. જેના અંતે હવે ગાંધીનગરમાં બે નવી એન્જીનીયરીગ કોલેજો શરુ થશે. અમદાવાદ અને ગાંધીનગર બંને શહેરના વિદ્યાર્થીઓને ડીગ્રી એન્જીનીયરીગ કોલેજમાં -વેશ ઉપલબ્ધ થાય તે માટે ભાટ સ્થિત સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીને અનુલક્ષી ડીગ્રી એન્જીનીયરીગના વિદ્યાર્થીઓ માટે ૩૦૦ જેટલી બેઠકો માટે મંજૂરી આપવામાં આવી છે. જેમાં મીકેનીકલ સિવિલ, ઈ.સી, ઈલેક્ટ્રીકલ અને કોમ્પ્યુટર જેવી શાખાઓમાં ધો-૧૨ વિજ્ઞાન -વાહના વિદ્યાર્થીઓને એ.સી.પી.સી દ્વારા એડમિશન આપવામાં આવશે. આ ઉપરાંત સે-૨૨ માં સ્વામીનારાયણ પોલીટેકનીક ડીપ્લોમાં એન્જીનીયરીગ કોલેજને પણ સિવિલ, ઓટો મોબાઈલ, મીકેનીકલ સહિતની એન્જીનીયરીગ શાખાઓ માટે મંજૂરી આપી દેવામાં આવી છે. આ બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને નિષ્ણાત -ોફેસરો, અદ્યતન લેબ અને વર્કશોપ સહીત ઈતર -વૃત્તિઓનો લાભ ઉપલબ્ધ થશે તેમ પણ સંસ્થા દ્વારા જણાવાયુ છે.

## ૧૯મીથી પ્રવેશોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્પોર્ટ યુથ એન્ડ કલ્ચરલ એકટીવીટી વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા આંગણવાડી અને ધોરણ-૧ અને ૯ બાળકોની -વેશવિધી સંપન્ન કરાવશે. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન શ્રી આશિષભાઈ દવે નગરની વિવિધ શાળાઓમાં બાળકોને ચંદન તિલક કરીને -વેશવિધિ સંપન્ન કરાવશે.

## નર્મદા યોજના અંગે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દરવાજા જો એ વખતે મુકવાના જ નહોતા તો દરવાજા શું કામ બનાવ્યા ? કોના કેહવાથી બનાવ્યા ? આના માટે કોણે અનુમતિ આપી હતી ? આવા અનેક પ્રશ્નો ઉભા થાય છે. નર્મદા યોજના પુરી કરવા માટે માત્ર આ સરકાર વાયદાઓ અને ખોટી જાહેરાતો કરે છે, તેના બદલે આ યોજનાના તમામ કામો ૨૦૨૦ કે ૨૦૩૦માં ક્યારે પુરા કરસે તે જાહેર કરવું જોઈએ. પાણીનો જથ્થો વધવાથી વધારે પાવર જનરેટ થાય. એકબાજુ સરકાર એમ કહેતી હોય કે ગુજરાત પાવરની બાબતમાં સરપ્લસ છે અને પાકિસતાનને વીજળી નિકાસ કરવાની વાતો થતી હોય તો પાવરની ક્યાં જરૂર છે ? આ યોજનામાંથી ગુજરાતને માત્ર ૧૫ ટકા વીજળી મળવાની છે.

## કામો મંજૂર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવી કર્મચારીઓના અસરકારક મોનીટરીંગ દ્વારા જો આ કામગીરી થઈ શકતી હોય તો શા માટે સ્વભંડોળમાંથી ખોટો ખર્ચ કરવો જોઈએ.

વિપક્ષે પણ અસરકારક મોનીટરીંગની હિમાયત કરી હતી તેમજ શિક્ષાત્મક કાર્યવાહી જેવા પગલાં લો તેમ કહી ખોટા આર્થિક ભારણને નિવારવુ જોઈએ તેવું સ્ટેન્ડ લીધુ હતુ.

ઉપાધ્યક્ષની ચેમ્બરના રિનોવેશનના મુદ્દે પણ વિપક્ષે શાસક પક્ષને પુરતી સુવિધાઓ કર્મચારી-અધિકારીને નથી અને પદાધિકારીઓને આધુનિક સગવડો તે યોગ્ય નથી.

ભાજપના સભ્યશ્રી જયેશ પટેલે તો એક તબક્કે એવી રજુઆત કરી હતી કે સરકાર સમક્ષ પંચાયતના નવા મકાન માટેની દરખાસ્ત જ કરી નથી એ પણ દુ:ખદ છે. જો કે આ મુદ્દે સ્પષ્ટતા કરતાં પ્રમુખ શ્રીમતિ હીના પટેલે જણાવ્યું હતું કે ત્રણ વખત ઠરાવ કરીને મોકલ્યા છે પણ સરકારના બહેરા કાને તે વાત પહોંચતી જ નથી !!

## ૧૧૦ વર્ષની વયના 'કમળા બા'

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમળાબાએ પોતાના જીવનકાળમાં દાયકાઓ સુધી પરિવારની સેવામાં વિતાવ્યો છે. વર્ષોથી ભગવાનની ભક્તિ ભાવમાં લીન રહેતા અને હંમેશા ધાર્મિક સ્વભાવ ધરાવતા કમળાબા નાના દિકરા વિનુભાઈએ વર્ષ ૧૯૯૪માં વૃદ્ધ માતાને અમેરીકામાં બોલાવ્યા હતા. સદીની નજીક પહોંચેલા હિંમતવાન અને સાહસી વૃદ્ધ માતા એ હાથમાં પોતાનો પાસપોર્ટ લઈ અમદાવાદથી અમેરીકા સુધી વિમાનમાં એકલા સફર કરી હતી અને દિકરાના ઘરે પહોંચ્યા હતા. નિરક્ષર અને વૃદ્ધ કમળાબેને વિમાન સફર એકલા અમેરીકા હેમખેમ પહોંચતા પરિવારજનો ખુશખુશાલ થઈ ગયા હતા. વૃદ્ધ દાદીની સાથે દરરોજ પૌત્ર-પૌત્રીઓ અવનવી વાતો કરી અમેરીકામાં પણ ભારતની આઝાદીકાળના દેશભક્તિના ગીતો અને ભજનો ગાઈ પૌત્ર-પૌત્રીઓને મનોરંજન આપતા હતા. ચાર વર્ષ જેટલો લાંબો સમય વિતાવ્યા બાદ કમળાબેન ૧૯૯૮માં પરત ભારત આવી પોતાના વતન સામરખા આવી ગયા હતા. સદી વિતાવી ચુકેલા કમળાબાના શરીરે ધીમે ધીમે દોઢ વર્ષ પહેલા સાથ છોડવાની શરૂઆત કરી હતી. આથી સૌથી નાના દિકરાએ પુત્રવધૂ સાથે સેવા કરવા અને સાળસંભાળ લેવા આવી ગયા છે. હાલ પુત્ર-પૂત્રવધૂ નિત્યક્રમ મુજબ બા ના જીવનના અંતિમ તબક્કે સેવાઓ કરી જીંદગીનું ખરૂ ભાથુ લઈ રહ્યા છે.

**સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર**

**સંસ્થા ખાતે કેન્ટીનની સેવા પુરી પાડવા અંગેની જાહેરાત અંગેનો સુધારો**

કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તા. ૨૭/૬/૨૦૧૪, ભાવપત્રક ભરેલા ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા. ૩૦/૬/૨૦૧૪, આવેલા ટેન્ડર ખોલવાની તા. ૨/૭/૨૦૧૪.

આચાર્ય
સરકારી ઈજનેરી કોલેજ,
સેક્ટર-૨૮, ગાંધીનગર.

માહિતી/૩૮૯/૧૪-૧૫

**ટૂંકી જાહેર ખબર**

કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.), બ્લોક નં. ૫, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરી માટે એન્ટી ડીપ્થેરીયા સીરમ ૧૦ એમએલ અંદાજીત ૨૦૦ વાયલ ખરીદ કરવાના થાય છે. જેના માટેના એક વાયલના તમામ ટેક્ષ સહિતના ભાવ સીલબંધ કવરમાં અત્રેની કચેરીને જાહેરાતથી દિન-૭માં રૂબરૂ આપી જવા જણાવવામાં આવે છે.

માહિતી/૪૦૫/૧૪-૧૫ અધિક નિયામક (પ.ક.), ગાંધીનગર